# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ (૧) આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજિ/એડીએમ-૩/૬૪૬૦/૧૪ તા.૧૯/૮/૧૪

(૨) આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજિ/સંકલન/૬૮૬૪/૧૪ તા.૧૦/૯/૧૪

(૩) સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદના પરિપત્ર નં.આકૃયુ/સંનિ/વહટ/૧૦૫૬૮/૧૪ તા.૨૪/૯/૧૪

(૪) નિયામકશ્રી, આઇ.ટી.,આ.કૃ.યુ. આણંદના પરિપત્ર નં.AAU/onlinetour/217/2014 Date:5/11/2014

(૫) આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજિ/એડીએમ-૩/૯૨૩૦/૧૪ તા.૧૮/૧૧/૧૪

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્ર-(૨) થી શિક્ષકો/વૈજ્ઞાનિકો રાજય બહાર સેમીનાર, સીમ્પોઝીયમ, કોન્ફરન્સ, વર્કશોપમાં જઇને પરત આવે ત્યારે માન.કુલપતિશ્રીને ટુર રીપોર્ટ/અહેવાલ અચૂક રજુ કરવા જણાવેલ છે. પરંતુ તે મુજબ ઘણા અધિકારીશ્રી/ કર્મચારીઓ અહેવાલ મોકલતા નથી, જે યોગ્ય નથી. હવેથી જો આ પ્રકારના પ્રવાસ પૂર્ણ કર્યા બાદ અહેવાલ રજૂ કરવામાં નહિ આવે તો ભવિષ્યની તેઓની ટુર ગ્રાહય રાખવામાં આવશે નહિ તેની નોંધ લેવી.

વધુમાં સંદર્ભ-(૫) થી આપેલ સુચના મુજબ અધિકારી/કર્મચારીઓને ઓનલાઇન ટુર પ્રોગામમાં પોતાના પ્રોફાઇલ અપડેટ કરવા જણાવેલ છે છતાં સમયાંતરે તેઓ દ્વારા માહિતી અપડેટ કરવામાં આવતી નથી. હવેથી ઉકત વંચાણે લીધેલ પરિપત્રોની વિગતો ધ્યાને લઇ તમામ અધિકારી/કર્મચારીઓ રાજય બહારનો પ્રવાસ કરે ત્યારે ટુર પ્રોગામનો રીપોર્ટ માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવને કરવાનો રહેશે અને જે તે અધિકારી/કર્મચારીઓએ પોતાનું પ્રોફાઇલ પણ સમયાંતરે અપડેટ કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં જયારે શિક્ષકો/વૈજ્ઞાનિકોએ સેમીનાર, સીમ્પોઝીયમ, કોન્ફરન્સ, વર્કશોપમાં જવાનું થાય ત્યારે ઓનલાઇન ટુર પ્રોગામ રજુ કરતી વખતે રજીસ્ટ્રેશન ફી ની રકમનો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નં.આકૃયુ/રજિ/સંકલન/ ૧૧૯૪૫ /૨૦૧૫

તા.૬ /૧૧/૨૦૧૫

કુલસચિવ

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ

૨. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

૩. નિયામકશ્રી, આઇ.ટી. વિભાગ, આ.કૃ.યુ., આણંદ તરફ વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**નકલ રવાનાઃ**

૧. કુલસચિવના અંગત મદદનીશ, આ.કૃ.યુ.,આણંદ

૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.